આદિજાતિ વિસ્તારની ખાંડ
મંડળીઓને લોન આપવા
બાબત.

ગુજરાત સરકાર

**આદિજાતિ વિકાસ વિભાગ**

ઠરાવ ક્રમાંકઃ VKY - 2022 - 489 - P,

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૫/૦૯/૨૦૨૨.

**વંચાણે લીધા :**

(૧) ખાંડ નિયામકશ્રી, ખાંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૭/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક : સરમ/ખ/૧૭૮/૨૦૨૨.

**પ્રસ્તાવના :**

રાજ્યનો ખાંડ ઉદ્યોગ સહકારી ધોરણે કાર્યરત છે, અને મહદ્અંશે રાજ્યના દક્ષિણ ભાગમાં શેરડી પાકના ઉત્પાદનની વિપુલતાના કારણે દક્ષિણ ગુજરાતમાં ખાંડ સહકારી મંડળીઓનો વિકાસ થયેલ છે, અને આશરે ૪.૫૦ લાખ ખેડૂત સભાસદો આ સહકારી ખાંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તારમાં આવેલ ખાંડ સહકારી મંડળીઓના કારણે તે વિસ્તારના આદિજાતિ ખેડૂત સભાસદોનું આર્થિક હિત જળવાય તે જરૂરી છે.

પ્રવર્તમાન સંજોગોમાં જયારે શેરડી પાકનું વાવેતર અને ઉત્પાદકતામાં અમુક વર્ષે ઘટાડો થતાં ખાંડ મીલોને પ્લાન્ટની ક્ષમતાએ શેરડીનો પૂરતો પુરવઠો નથી મળતો અને ખાંડ સહકારી મંડળીઓની અર્થક્ષમતા જોખમાય છે અને ખાંડ સહકારી મંડળીઓ મૂડીની અછત અનુભવે છે ત્યારે તેની સીધી અસર ખેડૂત સભાસદોને થાય છે. આ સંજોગોમાં ખાસ કરીને આદિજાતિ વિસ્તારની ખાંડ સહકારી મંડળીઓને આર્થિક સહયોગ મળી રહે, અને આદિજાતિ ખેડૂત સભાસદોના વિશાળ હિતમાં ખાંડ સહકારી મંડળીઓ પોતાની અર્થક્ષમતા મેળવી શકે અથવા જાળવી શકે તે માટે આદિજાતિ વિસ્તારની ખાંડ સહકારી મંડળીઓ માટે લોન સ્વરૂપે આર્થિક સહાય આપવાની બાબત રાજ્ય સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**-: ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિ વિસ્તારની ખાંડ સહકારી મંડળીઓને લોન આપવા માટેની રૂા.૩૦૦૦.૦૦ (અંકે રૂા. ત્રણ હજાર લાખ પુરા) લાખની નવી બાબતની જોગવાઇને નીચેની શરતોને આધિન, આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો :**

(૧) આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં આવેલ અને જેને પુનઃ કાર્યરત કરવી જરૂરી હોય તેવી ખાંડ સહકારી મંડળીને જ લાભ મળવાપાત્ર થશે. આ યોજના હેઠળ ખાંડ સહકારી મંડળીને પ્લાન્ટની મરામત માટે, નવી મશીનરીની ખરીદી અથવા મશીનરીની મરામત માટે, ઓવરહોલીંગ ખર્ચ માટે, હયાત બાંધકામ તથા ગોડાઉનની મરામત માટે, નવા ગોડાઉન સહીતના બાંધકામ માટે, શેરડી કાપનાર મજુર વ્યવસ્થાના ખર્ચ માટે, ટ્રક-ટ્રેક્ટર-બળદગાડા વ્યવસ્થાના ખર્ચ માટે, કર્મચારીઓના ૮ માસના સૂચિત પગાર માટે, કોમ્પુટરાઈઝેશન માટે, અનિવાર્ય કન્ટીજન્સી ખર્ચ માટે વિગેરે જેવા હેતુઓ માટે જ લોન મળવાપાત્ર થશે. એ સિવાય અન્ય હેતુઓ માટે લોનની રકમનો ઉપયોગ થઇ શકશે નહિ. કોઇપણ સંજોગોમાં હયાત લોન ભરપાઇ કરવામાં કે ચાલુ જવાબદારી ચૂકવવામાં આ લોનનો ઉપયોગ કરી શકાશે નહિ.

(૨) આ યોજના હેઠળ ખાંડ સહકારી મંડળીને આપવામાં આવેલ લોનની રકમનો બોજો ખાંડ સહકારી મંડળીની મિલકતો પર નોંધાવવાનો રહેશે અને આ મિલકતો પર રાજ્ય સરકારશ્રીના બોજાનો અગ્રહક્ક રહેશે.

(3) લોન પર વાર્ષિક ૧૦ ટકાના દરે સાદું વ્યાજ ચૂકવવાપાત્ર રહેશે. લોનના રીપેમેન્ટ માટે લોન મંજૂર થયા તારીખથી ૨ વર્ષનો મોરેટોરીયમ પીરીયડ રહેશે. અને ત્યાર બાદ ૧૦ સરખા વાર્ષિક હપ્તામાં વ્યાજ સહિત લોનની સંપૂર્ણ ચૂકવણી કરવાની રહેશે. સમયસર લોન ભરપાઇ ન થાય અથવા તો આ ઠરાવની કોઇપણ શરતો, બોલીઓનો ભંગ થાય એ સંજોગોમાં ૨ ટકા મુજબ દંડનીય વ્યાજ વસુલ કરવામાં આવશે. પ્રથમ હપ્તાની સાથે ૨ વર્ષના મોરેટોરીયમ પીરીયડનું ભરવાપાત્ર સાદું વ્યાજ પણ ભરપાઈ કરવાનું રેહશે.

(૪) ખાંડ સહકારી મંડળી દ્વારા પિલાણ કરવામાં આવતી શેરડીના પ્રતિ મેટ્રીક ટન લેખે રૂા.૨૦૦ ખાંડ મંડળીએ જિલ્લા રજીસ્ટ્રાર તથા મંડળીના સંયુક્ત નામે અલગથી બેંક ખાતુ ખોલી તેમાં જમા કરવાના રહેશે. અને જમા થયેલ આ રકમનો સદરહુ લોન ભરપાઇ કરવાના હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

(૫) સહકારી ખાંડ મંડળીઓની આખરી પસંદગી માટે નાણા વિભાગ અને સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે ખાંડ સહકારી મંડળીએ પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

(૭) બાંધકામના અને સીવીલ વર્કના કામોમાં રૂા. પાંચ લાખ ઉપરના કામો માટે ઇ-ટેન્ડરીંગ પ્રક્રિયા અપનાવવાની રહેશે.

(૮) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામે ટેન્ડરીંગ પ્રોસેસ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃએસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ,તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઇ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ/સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) મંજૂર થયેલ લોનની રકમ સંબંધિત જિલ્લા રજીસ્ટ્રારશ્રી તથા ખાંડ સહકારી મંડળીના સંયુક્ત બેંક ખાતામાં જમા કરવાની રહેશે.

(૧૧) જિલ્લા રજીસ્ટ્રારશ્રીએ ખાંડ મંડળી દ્વારા રજુ થયેલ દરખાસ્તની રકમ ચકાસણી અને રેકર્ડ આધારિત સંપૂર્ણપણે ખરાઇ કરી, થયેલ કામની પ્રગતિના પ્રમાણમાં ખાંડ મંડળીને રકમનો ઉપાડ આપવાનો રહેશે.

(૧૨) ખાંડ સહકારી મંડળીએ લોનની રકમ મેળવવા માટે જરૂરી ઠરાવ, આધારો સહિતની દરખાસ્ત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓને રજુ કરવાની રહેશે.

(૧૩) જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા દરખાસ્તની સંપૂર્ણપણે ચકાસણી કરી, સ્પષ્ટ ભલામણ સહિત ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર મારફત રાજય સરકારશ્રીને મંજૂરી અર્થે રજુ કરવાની રહેશે.

(૧૪) લોન સહાય સ્વરૂપે આર્થિક સહયોગ આપવા માટે આદિજાતિ વિસ્તારની સ્થગિત અથવા નબળી સહકારી ખાંડ મંડળીઓની પસંદગી નક્કી થયેલ Parameters મુજબ પારદર્શક રીતે કરવાની રહેશે.

(૧૫) સહકારી ખાંડ મંડળીઓની આખરી પસંદગી માટે નાણા વિભાગ અને સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૬) રાજય સરકારશ્રી દ્વારા આવી દરખાસ્ત મંજૂર થયેથી તેની ગ્રાન્ટ ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરને હવાલે મુકવાની રહેશે. ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરએ તેમના હવાલે મુકવામાં આવેલ ગ્રાન્ટ સંબંધિત જિલ્લાના જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓને છૂટી કરવાની રહેશે.

(૧૭) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૮) ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે સંબંધિત જિલ્લાના જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓએ કામગીરી કરવાની રહેશે.

(૧૯) એ. જી. પારા ઉપસ્થિત થયેથી તેનો નિકાલ કરવાની સંપૂર્ણ જવાબદારી નિયામકશ્રી, ખાંડ નિયામકની કચેરી, ગાંધીનગર તેમજ સંબંધિત જિલ્લાના જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓની રહેશે.

(૨૦) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૨૨) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૨૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૪) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૨૫) યોજનાના મોનિટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૮) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૫/૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૦૯/૦૯/૯૮ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક:૯૬-આયોજન, મુખ્ય સદર-૬૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૦૧- વીકેવાય-૬૧ જુદા જુદા શૈક્ષણિક અને વ્યવસાયિક પ્રવૃત્તિઓ માટે લોન આપવાની યોજના હેઠળ ચાલુ નાણાંકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૨/૦૭/૨૦૨૨ તથા સરકારશ્રીની તા.૧૪/૦૭/૨૦૨૨ની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એમ. પટેલ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના :</u>

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્યસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાણા મંત્રીશ્રી, ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા. ક. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી,(ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (સહકાર), કૃ.ખે.ક.અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (કૃષિ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, (આ.વિ.) નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજયની કચેરી, બ્લોક નં.૮/૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સહકાર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સીલેક્ટ ફાઇલ.